(૧)

**શ્રી કરશનભાઈ સોલંકી માન.ધારાસભ્યશ્રી ૨૪-કડી**

**માન.અધ્યક્ષશ્રી,**

માન.મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા માન.નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈ સન ૨૦૨૪-૨૦૨૫ના વર્ષનું રૂ.૩ લાખ ૩૨ હજાર ૪૬૫ કરોડનું જે બજેટ ફાળવેલ છે તે બદલ ગુજરાત સરકારનો ખૂબ ખૂબ આભાર.

**માન.અધ્યક્ષશ્રી,**

અગાઉ ૧૯૯૫ પહેલાંની સરકારમાં ગ્રામ પંચાયતની ચૂંટણીઓ થતી હતી ત્યારે ગામડાઓમાં ભાઈ-ભાઈ વચ્ચે ઝગડાઓ થતા અને તેમાં કેટલીક વખત મર્ડર પણ થતા હતા. પરંતુ અમારી સરકાર આવ્યા પછી ગોકુળ ગામ યોજના અમલમાં મૂકવામાં આવી. વળી પ્રથમ ગ્રામ પંચાયત સમરસ થાય તો રૂ.૩ લાખ અને પાંચમી વાર સમરસ થાય તો રૂ. ૮ લાખ ૫૦ હજાર ચૂકવવામાં આવે છે.

(2)

**માન.અધ્યક્ષશ્રી,**

૫૦૦૧ વસ્તી હોય અને સમરસ ગ્રામ પંચાયત હોય તેને પ્રથમ વાર રૂ.૪ લાખ ૫૦ હજાર અને જો પાંચમી વાર સમરસ ગ્રામ પંચાયત થાય તો રૂ.૧૧ લાખ ચૂકવવામાં આવે છે.

**માન.અધ્યક્ષશ્રી,**

જે ગામની અંદર ૫૦૦૦ ની વસ્તી હોય તે ગામની અંદર જો મહિલા સરપંચ તરીકે સમરસ ચૂંટાય તો તેઓને પ્રથમ વાર ૪ લાખ ૫૦ હજાર અને પાંચમી વાર સમરસમાં ચૂંટાય તો રૂ.૮ લાખ ચૂકવવામાં આવે છે.

(3)

**માન.અધ્યક્ષશ્રી,**

૫૦૦૧ ઉપરની વસ્તી હોય અને મહિલા સરપંચ તરીકે ઊભા હોય અને જો સમરસ થાય તો પ્રથમ વાર રૂા. ૭ લાખ ૫૦ હજાર અને પાંચમી વાર મહિલા સરપંચ હોય અને સમરસ થાય તો રૂા.૧૩ લાખ ચૂકવવામાં આવ છે.

**માન.અધ્યક્ષશ્રી,**

ગામડાઓમાં આરોગ્યની સુવિધાઓ માટે ૧૯૯૫ પહેલાં ગામડાઓમાં નાની મોટી બિમારી આવે તો બળદગાડામાં કે રેકડીમાં લઈ તાલુકા મથકે દવાખાને લઈ જવામાં આવતા હતા. પરંતુ તે વખતે રસ્તા પણ કાચા હોવાથી તાલુકા મથકે મહિલાને ડિલેવરી વખતે ~~[illegible]~~ ઘણી વખત રસ્તામાં પણ ડિલેવરી થઈ જતી હતી.

**માન.અધ્યક્ષશ્રી,**

અમારી સરકાર આવવાથી ૧૦ કી.મી.ની અંદર સરકારી દવાખાના બનાવવામાં આવેલ અને ૧૦૮ની સુવિધા આપવામાં આવેલ હોવાથી ફક્ત ૧૭ મીનીટમાં જે તે દવાખાને પહોંચાડવામાં આવે છે. વળી ૧૦૮ સિવાયની વધારાની એમ્બ્યુલન્સ મહિલાને ડિલેવરી થયા પછી પણ ઊઆ....ઊઆ....કરતી તેમને ઘરે પહોંચાડવાની સુવિધા પણ અમારી સરકારે આપી છે.

**માન.અધ્યક્ષશ્રી,**

મારા મત વિસ્તાર કડી તાલુકામાં ૧૯૯૫ પહેલાં જે આંગણવાડીઓ હતી તે બિલકુલ કાચી અને પતરાવાળી હતી. આજે અમારી આ સરકારે વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટમાં ૮૪ આંગણવાડી પાકી આર.સી.સી.માં બનાવવાની જોગવાઈ કરેલ છે. અને એક આંગણવાડી પ્રમાણે રૂ.૧૬ લાખનું એસ્ટીમેટ પણ બનાવેલ છે. આ માટે રૂ.૧૩ કરોડ અને ૪૪ લાખ બજેટમાં ફાળવવામાં આવેલ છે તેથી આપણા સમાજ કલ્યાણ મંત્રી એવા બહેનશ્રીનો પણ ખૂબ ખૂબ આભાર.

(૨)

**માન.અધ્યક્ષશ્રી,**

ગામડાઓમાં ૧૯૯૫ પહેલાં કોઈ ગરીબ લાભાર્થી બિમાર પડે તો તેને સારવાર કરવા માટે કોઈ સુવિધા ન હતી અને અમારી સરકાર આવ્યા પછી રૂા.૨ લાખ, રૂા.૩ લાખ, રૂા.૫ લાખ અને હવે રૂા.૧૦ લાખની સુવિધા આપવામાં આવે છે. અગાઉની સરકારમાં આવી કોઈ સુવિધા ન હોતી. આવી કોઈ મોટી બિમારી આવે તો વ્યાજે પૈસા લાવવા પડતા હતા અથવા તો પોતાની જે થોડી ઘણી જમીન હોય તે ગીરવે મૂકવી પડતી હતી.

**માન.અધ્યક્ષશ્રી,**

૧૯૯૫ પહેલાંની સરકાર વિધવા બહેનો માટે આવક–મર્યાદ વર્ષની રૂા.૨૪૦૦ હતી અને વિધવા બહેનોને માસિક રૂા.૨૦૦ આપવામાં આવતા હતા અને ૨૧ વર્ષનો પુત્ર થાય એટલે વિધવા પેન્શન બંધ કરવામાં આવતું હતું.

**માન.અધ્યક્ષશ્રી,**

અમારી સરકાર આવ્યા પછી આ આવક મર્યાદા રૂા.૧ લાખ અને ૨૦ હજાર કરવામાં આવી છે. જ્યારે શહેરી વિસ્તારમાં રૂા.૧ લાખ ૫૦ હજાર કરવામાં આવી છે. વળી વિધવા બહેનોને માસિક રૂા.૧૨૫૦ ચૂકવવામાં આવે છે. અને ૨૧ વર્ષની પુત્રની મર્યાદા દૂર કરી ગમે તેટલા પુત્ર હોય તો પણ ઓન લાઈન સહાય તેમના ખાતામાં જમા થાય છે. જ્યારે અગાઉની સરકાર વિધવાને સહાય રૂપે જે ૨૦૦ રૂપિયા રોકડા આપવામાં આવતા હતા. તેમાંથી વચેટીયાઓ કટકી કરતા હતા. જેથી વિધવાના ભાગમાં કશું જ રહેતું નહી.

**માન.અધ્યક્ષશ્રી,**

મારા મત વિસ્તારમાં થોર તળાવમાં અભ્યારણ આવેલ છે. તેમાં ૧૯૯૫ પહેલાં કોઈ સુવિધા ન હતી. અમારી આ સરકાર આવ્યા પછી થોર મુકામે અભ્યારણને નિહાળવા માટે આજુબાજુના પ્રવાસીઓ આવે છે તેઓની સુવિધા માટે રૂા.૨૭ કરોડ ફાળવેલ છે તે બદલ માન.વન મંત્રીશ્રીનો ખૂબ ખૂબ આભાર...